અપીલ અરજી નં.૧૮૯ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની અરજીથી વાનખેડે અરૂણકુમાર નાનાભાઈ ધોરણ–૩ વાનખેડે આશાબેન નાનાભાઈ નગર પ્રાથમિક શાળા નં.૨૬૬ સંજયનગર ઉમરવાડા નવા કમેલા અભ્યાસ કરે છે. તેમના પિતાજી વાનખેડે નાનાભાઈ બાબુરાવ પાસે સુરત મહાનગરપાલિકા નગર સમુદાય વિકાસ યોજના (યુસીડી) શહેરી ગરીબ પરિવાર કૌટુંબિક કાર્ડ હોવા છતાં **SC** જ્ઞાતિમાં આવવા છતાં તે બે બાળકો સ્કોલરશીપ કે અન્યો **BPL** કુટુંબને મળતા લાભો કેમ આપવામાં આવતા નથી તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૯/૨૦૧૦–૧૧

શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની અરજીથી વાનખેડે અરૂણકુમાર નાનાભાઈ ધોરણ–૩ વાનખેડે આશાબેન નાનાભાઈ નગર પ્રાથમિક શાળા નં.૨૬૬ સંજયનગર ઉમરવાડા નવા કમેલા અભ્યાસ કરે છે. તેમના પિતાજી વાનખેડે નાનાભાઈ બાબુરાવ પાસે સુરત મહાનગરપાલિકા નગર સમુદાય વિકાસ યોજના (યુસીડી) શહેરી ગરીબ પરિવાર કૌટુંબિક કાર્ડ હોવા છતાં **SC** જ્ઞાતિમાં આવવા છતાં તે બે બાળકો સ્કોલરશીપ કે અન્યો **BPL** કુટુંબને મળતા લાભો કેમ આપવામાં આવતા નથી તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૧૪ તા.૧૭–૯–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) અરજદારને અપીલ અરજી લગભગ દિન–૭ ના વિલંબથી કરેલ જે અંગે વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી તેમજ અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી પૂર્વઝોન વરાછા ખાતે કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/સીવીક/આરટીઆઈ નં.૨૩૩ તા.૫–૭–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)ને તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે જવાબ આપ્યો નથી તેવું જણાવી તા.૮–૯–૧૦ ના રોજ દિન–૭ ના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અપીલ તબકકે આરટીઆઈ સેલ/૭૧૪ તા.૧૭–૯–૧૦ થી અપીલના વિલંબના આધાર અને વાજબીપણું રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તરફથી વિલંબ અંગે આધાર કે વાજબીપણું જણાવવામાં આવેલ નથી. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીના વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવના ને ધ્યાને રાખી અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. અરજદારે અપીલ અરજી સાથે કાર્ડ નં.૦૮૧૪૧ તા.૯–૯–૦૯ ની કાર્યની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે તેમાં અરજદાર બીપીએલ કાર્ડ ધરાવે છે જેનો નં.ઈ.ઝેડ/૩૬/૬૯/૧૧૩૪ છે. અરજદારે મજકુર ઈસમ બીપીએલ કાર્ડ ધારક છે તેમ છતાં તેના બાળકોને સ્કોરલશીપ કે કુટુંબને મળતા લાભો કેમ મળતા નથી તેવી માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો પૂરી પાડયેલ જણાતી નથી. કે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારના કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી .(ન.પ્રા.શિ.સ.)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા,